॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | કારતક વદ : ૧૫ | બુધવાર | તા.: ૨૩.૧૧.૨૦૨૨ | SDP No. : 944 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

ગુજરાત માં સહુથી વધુ મત ની લીડ કોણ વિજેતા

૨૦૦૨માં અમિત શાહ અને ૨૦૧૭માં ભૂપેન્દ્ર પટેલે જંગી લીડથી રચ્યો હતો ઈતિહાસ

પણ આજ સુધી કોઈ તોડી નથી શક્યું નરોત્તમ પટેલનો રેકોર્ડ

ગુજરાતની ૧૫મી વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. તારીખ ૧ અને ૫ ડિસેમ્બરના રોજ મતદાન અને ૮મીએ મતગણતરી એટલે કે પરિણામ જાહેર થઈ જશે. ત્યારે શું તમે જાણો છો કે, રાજ્યમાં અત્યાર સુધીમાં સૌથી વધુ મતની લીડનો વિક્રમ કોના નામે લખાયો છે. નહીં ને તો આજે અમે તમને અહીં તેની વિગતવાર માહિતી આપીશું.

વર્ષ ૧૯૬૨થી લઈને વર્ષ ૨૦૧૭ સુધીની કુલ ૧૩ ચૂંટણીમાં સૌથી વધારે ૩,૪૬,૯૪૦ મતની લીડનો વિક્રમ ભાજપના નરોત્તમ પટેલના નામે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં છેલ્લા કેટલાક સમયથી સૌથી વધારે મતની લીડ અમદાવાદમાં જોવા મળે છે. ૨૦૦૭ની ચૂંટણીમાં ચોર્યાસી બેઠક પરથી નરોત્તમ પટેલે આ રેકોર્ડ સર્જ્યો હતો. ૧૯૯૫ અને ૧૯૯૮માં પણ તેઓએ અનુક્રમે ૧,૩૧,૦૦૦ અને ૧,૪૭,૦૦૦ની લીડ મેળવી હતી. છેલ્લી બે ચૂંટણી પર જો નજર કરીએ તો ૨૦૧૭માં ઘાટલોડિયા બેઠક પર ઝરૂ ભૂપેન્દ્ર પટેલને ૧,૧૭,૭૫૦ મતની લીડ પ્રાપ્ત થઈ હતી. જ્યારે આ જ બેઠક (ઘાટલોડિયા) પર ૨૦૧૨માં આનંદીબેન પટેલને સૌથી મોટી ૧,૧૦,૩૯૫ મતની લીડ પ્રાપ્ત થઈ હતી.

નરોત્તમ પટેલ બાદ સૌથી વધારે મતની લીડ સાથે વિજેતા થવાનો જો રેકોર્ડ કોઈના નામે હોય તો તે છે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ. કારણ કે અમિત શાહે પણ વર્ષ ૨૦૦૨ની ચૂંટણીમાં અમદાવાદની સરખેજ બેઠક પરથી ૧,૫૮,૦૩૬ મતની લીડ પ્રાપ્ત કરી હતી. જ્યારે ૨૦૦૭ની ચૂંટણીમાં પણ સરખેજ બેઠકેથી અમિત શાહે ૨,૩૫,૮૨૩ મતની લીડ સાથે વિજય હાંસલ કર્યો હતો. જેને અત્યાર સુધીના બીજા ક્રમાંકની સૌથી મોટી લીડ કહી શકાય.

વિશેષમાં વર્ષ ૧૯૮૦ સુધીની ચૂંટણીમાં જીતનું માર્જિન એકપણ બેઠક પર ૫૦ હજાર સુધી પહોંચતું ન હોતું. જોકે ૧૯૯૦માં હાર-જીતના માર્જિનમાં ઉછાળો આવ્યો હતો. આ ચૂંટણીમાં ઊંઝા બેઠક પરથી જનતાદળના ચીમનભાઈ પટેલે ૭૦,૩૪૫ મતની લીડ મેળવી હતી. ત્યાર બાદ ૧૯૯૫માં ચોર્યાસી બેઠક પરથી ભાજપના નરોત્તમ પટેલે ૧,૩૧,૧૪૯ મતની લીડ હાંસલ કરી હતી.

૧૯૯૮ની ચૂંટણીમાં પણ ચોર્યાસી બેઠક પરથી જ નરોત્તમ પટેલે ૧,૪૭,૧૪૨ મતની લીડ મેળવી હતી. જ્યારે ૨૦૧૨ની ચૂંટણી નવા સીમાંકન પ્રમાણે ગુજરાતમાં ફરીથી જીતનું માર્જિન ઘટવા લાગ્યું હતું.

પ્રાંતિજ-તલોદ વિધાનસભા ના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર ટ્રેકટર પર પ્રચાર કર્યો

પ્રાંતિજ-તલોદ વિધાનસભા વિસ્તારમાં ભાજપ દ્વારા શરૂ કરાયો પ્રચાર મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા ગામેગામ શરૂ કરાયો પ્રચાર પ્રચાર દરમિયાન મંત્રી ટ્રેકટર ચલાવતા નજરે પડ્યા મંત્રી દ્વારા કરાયો અનોખી રીતે પ્રચાર તલોદ તાલુકાના મોતેસરી ગામમાં પ્રચાર દરમિયાન મંત્રી ટ્રેકટર ચલાવતા નજરએ પડ્યા મંત્રીને ટ્રેકટર ચલાવતા જોઈ લોકોએ મોબાઈલમાં વિડિયો લઈ કર્યો વાયરલ.

આપ ઇચ્છો તો આવા પ્રકારના એક દિવસીય શિબિર કરી શકો

આરોગ્ય ભારતી ગુજરાત

નમસ્કાર,

આજે આપણા સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ માં- પર્યાવરણ અને જીવનશૈલીમાં થયેલાં ફેરફારોને લીધે થઈ રહેલારોગો, જેવા કે મોટાપો- વજન વધારો, તનાવને લીધે અનિંદ્રા, રક્તચાપ- બ્લડ પ્રેશર, અવસાદ ડિપ્રેશન, મધુમેહ ડાયાબિટીસ, નાની ઉંમરે હૃદય રોગના બનાવો વધતા જાય છે.

જેમાં વિકૃત આહાર વિહાર ને વિવિધ પ્રકારના વ્યસનો થી સમાજ ને રાષ્ટ્ર ની સામાજીક અને આર્થિકઅવનતી થઈ રહી છે.

આરોગ્ય ભારતી- જન જાગરણ ને તાલીમ દ્વારા, આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સતત પ્રયત્નશીલ છે, તે માટે આરોગ્ય ભારતી ગુજરાત દ્વારા સુરત અને તાપી જિલ્લાના આરોગ્ય મિત્રો માટે,

તથા નવા ઉત્સાહી સમાજ પ્રેમી કાર્યકરો ને આ વિષય માં તાલીમ પ્રશિક્ષણ માટે એક દિવસીય કાર્યશાળા નું આયોજન કરેલ છે.

૨૭ નવેમ્બર ૨૦૨૨;
રવિવારે 27:11:2022 Sunday..
સવારે નવ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી.
09-00 AM To 05-00 PM. About...
સ્થાન :- હોલીસ્ટીક સાયન્સ સેન્ટર, દાદા ભગવાન / ત્રિદેવ મંદિર પરિસર, નવાગામ, કામરેજ ચાર રસ્તા, સુરત NH-48 પાસે,

સવારે નવ વાગ્યે ચાય પાની અલ્પાહાર, બપોરે ભોજન તથા ચાર વાગ્યે ચા-પાણી ની વ્યવસ્થા રાખેલ છે.

તો, આપને તથા આસપાસનાં ગામોમાં થી સ્વાસ્થ્ય યજ્ઞમાં રસ લઈ, સક્રિય થાય એવાં મિત્રો- નાગરિકો ને વિષય સમજાવી, સાથે લાવવા વિનંતી છે.

નામ તથા સંખ્યા ૨૬:૧૧:૨૦૨૨ સુધી મોકલવા વિનંતી છે. મેસેજ કર્યા પછી ફોન કરવા વિનંતી છે.

ભવદીય ડો બલદેવ ભક્ત,
કામરેજ ચાર રસ્તા, સુરત.
(આરોગ્ય ભારતી ગુજરાત પ્રાંત ઉપાધ્યક્ષ.)
DrBaldevBhakt@gmail.com
(+91) 9879 383 555.

આરોગ્ય

અવસાન નોધ

સ્વ. જશુબેન રવજી સેંધાણી
ઉંમર 99 વર્ષ | તા.21-11-2022
કચ્છમાં : ગઢશીશાસ્થાનિક

કચ્છ ન્યૂઝ

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

વાંઢાયમાં મા ઉમિયાને આંગણે ઉજવાશે મંદિરનો અમૃત મહોત્સવ

આગામી 25 ડિસેમ્બરના સહસ્ત્રચંડી મહાયજ્ઞના યજમાનોની ભવ્ય ઉછામણી

અમૃત મહોત્સવ નાં આયોજન સભા ની બેઠક માં મહિલા શકિતઓ ની ખાસ ઉપસ્થિતિ, તેઓ દ્વારા ઊંઝામાં થયેલ આયોજન જેવું જ આયોજન અહી થાય તેવી રજૂઆત..

શ્રી ઉમિયા માતાજી મંદિર વાંઢાયને 75 વર્ષ પુરા થયા હોવાથી તેનો અમૃત મહોત્સવ ઉજવવાના આયોજન માટે તા. ૦૯ નવેમ્બર ના સંસ્થાન ખાતે ગામે ગામના પ્રતિનિધિઓની ઉપસ્થિતિ માં સંસ્થાના પ્રમુખશ્રી હંસરાજભાઈ ધોળુના અધ્યક્ષસ્થાને સભા યોજાઈ હતી. મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ સહમંત્રી- ઇશ્વરભાઇ ભાવાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ટ્રસ્ટીશ્રી પ્રોફેસર કે.વી. પાટીદારે પ્રસંગ પરિચય કરાવ્યો હતો.

સંસ્થાના પ્રમુખશ્રી હંસરાજભાઈ ધોળુએ ઉમિયા માતાજી મંદિર વાંઢાયને 75 વર્ષ પૂરા થયા હોવાથી તેનો અમૃત મહોત્સવ ઉજવવા સંસ્થાએ નક્કી કરેલ પરંતુ કોરોનાકાળના કારણે એ સંભવ બન્યું ન હતું. ગત શ્રાવણ માસમાં સંસ્થાની સામાન્ય સભામાં આ મહોત્સવ ભવ્યતાથી ઉજવવાનો નિર્ધાર કરાયો હતો. તેના અનુસંધાને તા. ૦૮/૧૧/૨૨ના સંસ્થાની કારોબારીમાં કાર્યક્રમ ત્રણથી ચાર દિવસનો કરવો તેમજ તેમાં સહસ્ત્રચંડી મહાયજ્ઞનું આયોજન કરવાનું તેમજ શોભાયાત્રા અને ધાર્મિક સભાનું આયોજન પણ કરવું. ઉપરાંત મહોત્સવના ખર્ચને પહોંચી વળવા વિવિધ ચડાવો પણ લેવાનું નક્કી કરાયું હતું.

આયોજન સમિતિના ચેરમેનશ્રી ગંગારામભાઈ રામાણીએ નક્કી થયા પ્રમાણે અમૃત મહોત્સવનું ભવ્ય આયોજન કરવાનું છે.

જેમાં સહસ્ત્રચંડી મહાયજ્ઞનું આયોજન કરવાનું થશે અને તે માટે મુખ્ય આચાર્યશ્રીની સાથે મોટી સંખ્યામાં ભૂદેવોની જરૂર પડશે તેના માટે ઉતારા તેમજ ભોજન સહિતની અલાયદી વ્યવસ્થા કરવાની થશે. વધુમાં તેમણે સહસ્ત્રચંડી મહાયજ્ઞના જુદા જુદા યજ્ઞકુંડના ફળ પ્રાપ્તિ વિશે પણ વિશેષ પ્રકાશ પાડ્યો હતો અને મહોત્સવના આયોજનને પહોંચી વળવા જુદી જુદી ૨૩ જેટલી સમિતિઓની માહિતી પણ સભા સમક્ષ મૂકી હતી. જેમાં સમિતિને અનુરૂપ કાર્યકર્તાઓને કામ પણ સોંપવામાં આવશે તેમ જણાવ્યું હતું.આગલા દિવસે મળેલી કારોબારી સભામાં મહોત્સવ આયોજન બાબતે થયેલ ચર્ચા અને કાર્યક્રમની રૂપરેખા સહમંત્રી- ઇશ્વરભાઇ ભાવાણીએ આપતા જણાવ્યું હતું કે મહોત્સવનો પ્રારંભ પ્રથમ દિવસે વિરાટ શોભાયાત્રા જેમા ગામેગામથી આવેલી ઝાંખીઓ લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનથી પ્રસ્થાન કરશે તેમજ સહસ્ત્રચંડી મહાયજ્ઞનો પ્રારંભ, આ ઉપરાંત ધર્મસભા, સામાજિક સભા ઉપરાંત દાતાઓના સન્માન, રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ઉમિયા માતાજીની ડોક્યુમેન્ટરીનું નિદર્શન પણ કરાશે.

આ સભામાં સહસ્ત્રચંડી મહાયજ્ઞના મુખ્ય યજમાન તેમજ અન્ય આઠ યજ્ઞ કુંડના સહયોગી યજમાન ઉછામણીથી લેવાનું નક્કી કરાયું હતું. જેમાં યજ્ઞના મુખ્ય યજમાન માટે અપ્સેટ રકમ રૂપિયા ૨૧ લાખ નક્કી કરાઈ હતી. તે માટે સભામાંથી જ શ્રીમતી સવિતાબેન ગંગારામભાઈ રામાણી પરિવાર દેશલપર-ભુજના નામની જાહેરાત થઈ હતી. આ માટે તા.૨૫ ડિસેમ્બર ની સભામાં ઉછામણીથી દાતા પરિવારનું નામ નક્કી થશે

આ ઉપરાંત બાકીના મુખ્ય આઠ યજ્ઞ કુંડ માટેની અપસેટ રકમ રૂપિયા પાંચ-પાંચ લાખ નક્કી કરાઈ હતી. જેના નામ પણ સભામાં નોંધાયા હતા. જેમાં ડો. પ્રેમજીભાઈ રામજી ધોધારી સાયરા-ગાંધીધામ, મોહનભાઈ સેગાણી પરિવાર રાયણ મોટી, ઈશ્વરભાઈ માવજી માવાણી લક્ષ્મીપર-નાસિક, ગોપાલભાઈ વાલજી ભાવાણી ખીરસરા-કોલ્હાપુર, માતૃશ્રી નર્મદાબેન નાનજી ભાવાણી કોટડા ચકાર- ભુજ, માતૃશ્રી કાન્તાબેન કેસરા રામજીયાણી પરિવાર દેશલપર-મુંબઈ, શામજીભાઈ નારણ નાકરાણી પરિવાર રત્નાપર-મુંબઈ, રતનશીભાઈ સોમજી ભીમાણી પરિવાર દેવપર-ચક્ષની જાહેરાત કરાઈ હતી.

આ તમામ ચડાવા માં ફાઈનલ દાતા નક્કી થશે તો જેમને પણ આ અવસર નો લાભ લેવો હોય તે લઈ સકે છે.

બાકીના સહ યજમાન ૪૨ કુંડ માટેના એક યજ્ઞ કુંડમાં બે યજમાન લેવામાં આવશે. જે માટે એક યજમાનના ₹ ૧,૫૧૦૦૦/- મુકરર કરાયા હતા. જેમાં વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે તેમ નક્કી કર્યું હતું. આ માટે બે યજમાનના નામ સભામાં જ નોંધાયા હતા. જેમાં ગં.સ્વ.રામબાઈ શામજી ચોપડા પરિવાર જીયાપર અને કાંતિલાલ હીરજી માવાણી પરિવાર દેસલપર-મુંબઈના નામની જાહેરાત કરાઈ હતી.આ ઉપરાંત એક દિવસના પાટલા પૂજન માટેના યજમાન વહેલા તે પહેલાના ધોરણે લેવાશે. જે માટેની ફિક્સ રકમ ₹ ૨૧૦૦૦/- નક્કી કરાઈ હતી.

આ ખર્ચને પહોંચી વળવા સમગ્ર યજ્ઞ શાળાના દાતા લેવાનું નક્કી થયું હતું. જેની રકમ રૂપિયા ૧૧ લાખ નક્કી કરાઈ હતી અને તેમાં વધુમાં વધુ ચાર પરિવાર લાભ લઈ શકશે.

તેવીજ રીતે હવન સામગ્રી, ભૂદેવોને દાન દક્ષિણા માટે પણ રૂપિયા 11-11 લાખ નક્કી કરવામાં આવ્યા હતા અને એ જ પ્રમાણે મુખ્ય મંડપ અને ભોજન મંડપના પણ રૂપિયા 11 મુકરર કરાયા હતા.

આ સભામાં સમગ્ર મહોત્સવના ભોજનના મુખ્ય દાતાની અપસેટ રકમ રૂપિયા 11 લાખ નક્કી કરાઈ હતી. જે માટે સભામાં જ નામ નોંધાઈ ગયું હતું. જેમાં ઝવેરબેન મોહનભાઈ રામજીયાણી પરિવાર મદનપુરા-મુંબઈની જાહેરાત કરાઈ હતી.

આ યજમાન માટેની ઉછામણી પણ આગામી સભામાં લેવામાં આવશે.

ચાર દિવસીય મહોત્સવના બપોરના ભોજનના દાતા એક દિવસના ₹૦૫,૫૧,૦૦૦/- સાંજના રૂપિયા ૦૨,૫૧,૦૦૦/- અને સવારના નાસ્તાના રૂપિયા ૦૧,૧૧,૦૦૦/- વહેલા તે પહેલાના ધોરણે લેવાશે. જ્યારે સહયોગી દાતાઓ માટે રૂપિયા ૨૧,૦૦૦/- અમર્યાદિત લેવાનું નક્કી થયું હતું.

મહોત્સવ દરમિયાન સાઉન્ડ સિસ્ટમ, ફોટો અને વિડીયોગ્રાફી તેમજ પત્રિકાના રૂપિયા પાંચ-પાંચ લાખના યજમાન લેવાનું નક્કી થયું હતું જેનામાં વધુમાં વધુ બે પરિવાર લાભ લઈ શકશે.મહોત્સવ દરમિયાન પુષ્પ અને ફુલહારના દાતા માટે પણ રૂપિયા ૦૧,૫૧,૦૦૦/- નક્કી કર્યા હતા. આ ઉપરાંત મહોત્સવ સંબંધી દાતાઓની તેમજ કાર્યક્રમની વધુ માહિતી આગામી સભામાં આપવામાં આવશે.વિજય સ્તંભના યજમાનશ્રી તા.૨૫/૧૨/૨૨ની મિટિંગમાં ઉછામણીથી લેવામાં આવશે. જેના હસ્તે એ જ દિવસે વિજય ધ્વજ આરોહણથી શુભકાર્યની શરૂઆત કરવામાં આવશે.

આ સભામાં કેન્દ્રીય સમાજના મુખ્ય ટ્રસ્ટી અને સનાતનની મહોત્સવ આયોજન સમિતિના ચેરમેનશ્રી ગોપાલભાઈ ભાવાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આપણા વડીલો ભાવ અને પ્રેમથી મંદિરો બાંધી ગયા. આજે આપણા સમાજ અને આપણા પર માતાજીની કૃપા થઈ છે. માતાજી પાસે ખોબો માગ્યો અને તેમણે ખોળો ભરીને આપી દીધું છે. આઈટમો ખૂટશે પણ દાતાઓ નહીં ખૂટે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શ્રીસમાજનો ઉત્સવ માતાજીના ઉત્સવથી શરૂ થાય અને આજે યોગ જુઓ કેન્દ્રીય મહિલા સંઘનો રજત, યુવાસંઘનો સુવર્ણ અને માતાજીનો અમૃત મહોત્સવ, શ્રીસમાજનો સનાતનની મહોત્સવ આ બધાએ આપણા જ ઉત્સવ છે એમ જણાવ્યું હતું.

આ સભામાં અમૃત મહોત્સવ આયોજન સમિતિના ચેરમેનશ્રી ગંગારામભાઈ રામાણીએ આયોજન સમિતિમાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીઓ તેમજ કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રી, લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રી, તે જ રીતે કેન્દ્રીય યુવાસંઘ અને મહિલા સંઘના પ્રમુખશ્રી અને મહામંત્રીનો સમાવેશ કરાશે અને આ ઉપરાંત કચ્છમાં યોજતા સમૂહ લગ્નના આયોજન સમિતિના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રી તેમજ ઉપયોગી થઈ શકશે તેવા અન્ય કાર્યકર્તાઓને પણ આયોજન સમિતિમાં લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ સભામાં ઉમિયા માતાજી ઈશ્વરરામજી ટ્રસ્ટના ઉપપ્રમુખ ડો. પ્રેમજીભાઈ ધોધારી, મહામંત્રી બાબુભાઈ ચોપડા, કેન્દ્રીય સમાજ પશ્ચિમ કચ્છ ઝોનના પ્રમુખ રતનસિંહભાઈ ભીમાણી, નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ જયસુખભાઈ ડાયાણી ઉપરાંત લક્ષ્મણભાઈ માવાણી, અશોકભાઈ ઠાકરાણી, લવજીભાઈ પોકાર, ચુનીલાલભાઈ, શાંતિલાલ પ્રેમજી, લખમશીભાઈ પૂજા, કરમશીભાઈ પોકાર, રીનાબેન ચૌહાણ, સુશીલાબેન પાટીદાર અને શર્મિલાબેન વગેરે ચર્ચામાં ભાગ લઈ ઉપયોગી સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ સર્વશ્રી રવિલાલભાઈ રામજીયાણી, શિવજીભાઈ કાનાણી, ઈશ્વરભાઈ માવાણી, શામજીભાઈ નાકરાણી, ખજાનચી ગંગારામભાઈ ચૌહાણ, સંસ્થાના પૂર્વ મહામંત્રી જયેશભાઈ છાભૈયા, ઉમાદર્પણના સહતંત્રી રમેશભાઈ પોકાર ઉપરાંત કચ્છના ગામેગામથી સમાજ, યુવક મંડળ અને મહિલા મંડળના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના સહમંત્રી, પ્રવીણભાઈ ધોળુએ આભાર દર્શન કર્યું હતું જ્યારે સહમંત્રી, ઈશ્વરભાઈ ભાવાણીએ સભાનું સંચાલન કર્યું હતું.

આગલા દિવસે બપોર બાદ સંસ્થાની કારોબારી સભા મળી હતી જેમાં ચર્ચાએલા મોટાભાગના મુદ્દા પર આ સભામાં પણ ચર્ચા થઈ હતી.

અમૃત મહોત્સવ આયોજન સભા માં ઉપસ્થિત કાર્યકરો

આયોજન અંગે ની બેઠક માં ઉપસ્થિત સામાજિક અગ્રણીઓ અને આયોજન કર્તાઓ સાથે દિપ પ્રાગટય.

સંજય પોકાર બીઝનેસ ટ્રેનર અને મોટીવેટર સુરત નો સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ માં કાર્યક્રમ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગ સાહસિકો માટે વિવિધ નોલેજ બેઇઝ સેશનને વધુ રસપ્રદ બનાવવાના હેતુથી અઠવાડિયા સુધી ફિલ્મો આધારિત ટ્રેઇનીંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત શુક્રવાર, તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'લેટ્સ મેક ઇટ' વિષય ઉપર ટ્રેઇનીંગ સેશન યોજાયું હતું. જેમાં સુરતના ચીફ કલ્ચરલ ઓફિસર અને નુકલીયસ કન્સલ્ટન્ટ સંજય પટેલે એક રૂકા હુઆ ફૈંસલા ફિલ્મમાંથી વિષયલક્ષી જરૂરી કન્ટેન્ટ અને પ્રેઝન્ટેશન થકી ઉદ્યોગ સાહસિકોને પર્સનલ ઇફેકટીવનેસ અને ઇન્ટર પર્સનલ ઇફેકટીવનેસ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ગ્રુપ ચેરમેન મૃણાલ શુકલએ સેશનમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની સોફટ સ્કીલ્સ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ચિરાગ દેસાઇએ વકતાનો પરિચય આપ્યો હતો. કમિટીના કો-ચેરપર્સન અમી નાયકે સેશનનું સમગ્ર સંચાલન કર્યું હતું. સેશનમાં વકતાએ વિવિધ સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

સ્વર્ણિમ મહોત્સવ નિમિત્તે ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ

રમત-ગમત

ચાલો સિકંદરાબાદ
ચાલો સિકંદરાબાદ

ચાલો આપણા ખેલાડીઓ ને પ્રોત્સાહન આપવા માટે તૈયાર છીએ. તો આપણે આ આયોજન ને સફળ બનાવવા માટે આપણી હાજરી અનિવાર્ય બની જાય છે અને આ માટે આપણા આવવા જવા ની મુસાફરી ની ટિકિટ હાલમાં સહજ રીતે મળી રહી છે. તો આપ સહુ આયોજન ને સરાહનીય કરવા કટિબદ્ધ કાર્યક્રમ બનાવી આપણા સુઘમતા પ્રમાણે અવસર માં સહયોગી થવા આયોજન કરવા વિનંતી સહ.

સ્પોર્ટ્સ મિશન-યુવાસંઘ..

મહિલા સંઘ દ્વારા વિવિધ વિસ્તાર નાં મહિલા શકિતઓ નાં સંગઠન ની રચના

સમાજ ના ઝોન અને યુવાસંઘ નાં રીજીયન ની જેમ ૨૫ વર્ષ ની રજત જયંતિ નિમિતે મહિલા સંઘ નાં જશોદાબેન નાંકરાણી પ્રમુખ દ્વારા સ્ત્રી શકિતને સંગઠન ને પણ મજબૂત માળખું અને વૈવિધ્ય સાથે ઊર્જા વાન નેતૃત્વ પણ કેન્દ્રીય મહિલા સંઘ ને પ્રાપ્ત થાય તેવા પ્રયાસ કરવા જરૂરી છે. આથી ભારત ભર માં કેટલાક ઝોન સમાજ દ્વારા મહિલા શક્તિ નાં સંગઠન નિર્માણ કરવાનું કાર્ય સોંપવામાં આવેલ.આ મહિલા સંગઠન નાં શકિતપીઠ પણ કહી શકાય.

મહિલા શકિતઓ નાં વિભાગીય સંગઠન માં મુંબઈ શક્તિ પીઠની રચના#

પ્રમુખ : હેમિકાબેન વિરેન્દ્રભાઈ પોકાર, વસઈમો: 9967519408
ઉપપ્રમુખ : શીલાબેન પ્રફુલભાઈ નાકરાણી, ઘાટકોપર મો: 9819410523
મહામંત્રી : શીતલબેન વિનોદભાઈ રૂડાણી, ઘાટકોપરમો: 9920837208
સહમંત્રી : પૂનમબેન નરેન્દ્રભાઈ રામજીયાણી, ઘાટકોપરમો: 9870098835
ખજાનચી : પ્રભાબેન શાંતિભાઈ ડાયાણી, ઘાટકોપરમો: 9022560636
સહખજાનચી: ઝવેરબેન મોહનભાઈ વેલાણી, ઘાટકોપર મો: 9870703204

કારોબારી સભ્યો :

(૧) શ્રીમતી રેખાબેન નરેન્દ્રભાઈ ધોળું, ડોમ્બિવલી,મો: 9930788159
(૨) શ્રીમતી લીલાબેન શાંતિભાઈ પોકાર, વિરારમો: 9665271221
(3) શ્રીમતી ભારતીબેન હિંમતભાઈ વાલાણી, પનવેલમો: 9819110689
(૪) શ્રીમતી લીલાબેન ધીરજભાઈ નાકરાણી, બદલાપુર મો: 9321086951
(૫) સંગીતા હરેશ નાકરાણી, ઘાટકોપરમો: 9819431282

(પ્રમુખ: મુંબઈ ઝોન) શ્રીમતી હેમીકાબેન વિરેન્દ્રભાઈ પોકાર

(મહામંત્રી, મુંબઈ ઝોન) શીતલબેન વિનોદભાઈ રૂડાણી.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ — ગરિમા ગૌરવ અસ્મિતા — મહિલા સંઘ

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHR